# સાથે કરીએ કામ



એક નાનકડું ગામ.

ગામનું નામ સુંદરપુર. નામ જેવું જ ગામ !

ગામમાં થોડાંક કાચાંપાકાં ઘર અને થોડાક માણસો. સુંદરપુરના બધાં ઘર સુંદર અને સ્વચ્છ. ઘરનાં ફળિયાં સુંદર અને ગલીઓ પણ સુંદર. અરે ! સુંદરપુરમાં તો બધું સુંદર જ સુંદર !

સુંદરપુરમાં એક નાનકડી શાળા. શાળામાં એક શિક્ષક અને થોડાંક નાનાં ભૂલકાં ભણે. શાળામાં નવાં નવાં ગીતો ગવાય. પરીઓની વાર્તા થાય. મજા પડે એવી રમતો રમાય. શાળામાં ભણવાની સૌને મજા પડી જાય.

શિક્ષક તો ભારે ખંતીલા. બાળકોને હોંશથી ભણાવે. રોજ નવું-નવું શીખવાડે અને સમજાવે. બાળકો પણ હોંશથી ભણે. શાળામાં સુંદર વાતો થાય. સારા સંસ્કારો અપાય. શાળા તો સરસ્વતીનું મંદિર. સૌને આવવું ગમે.

એક દિવસની વાત ...

ચોમાસાના દિવસો હતા. દિવસે ગરમી પડી. બપોર પછી પવન ફૂંકાયો. બધું ઉડાડી મૂકે તેવો પવન. ધૂળ, કચરો અને કાગળ બધું વંટોળિયામાં ઉપર ચડયું. બધે ધૂળ જ ધૂળ. કંઈ ન દેખાય ! થોડીવાર પછી વંટોળિયો થયો શાંત. બધું નીચે બેસી ગયું. અહીંનો કચરો ત્યાં

તેને ત્યાંનો કચરો બીજે. ચારેબાજુ કચરાના ઢગલા ! ઘરના છાપરા માથે કાગળ અને સુક્કાં પાંદડાનો થર જામી ગયો. ઘરના ફળિયામાં કચરો અને ગલીમાં પણ કચરો !

અને પેલી નાનકડી શાળા... અરે ! એના મેદાનમાં તો કચરો જ કચરો ! ચારેબાજુ ધૂળના થર જ દેખાય ! સુંદરપુરમાં તો વંટોળિયાએ બધું ગંદુ કરી નાખ્યું. સુંદરપુરના નામ જેવું કંઈ ન રહ્યું !

બીજા દિવસનો સૂરજ ઊગ્યો. શાળાનો દરવાજો ખૂલ્યો. સૌએ જોયું તો ચારેબાજુ ધૂળને કચરો !

એક વિદ્યાર્થી કહે, 'અરે..રે..!' કેટલો કચરો છે... બાપ રે...'

બીજો વિદ્યાર્થી કહે, 'આ બધું કોણ કરશે ?' આપણે કરવાનું ?

ત્રીજાએ વળી ટકોર કરી, 'અરે ! ભાઈ, આ તો આપણી શાળા આપણે જ કરવાનું... બીજું કોણ કરે ?

ચોથાએ સૂર પુરાવ્યો, '... હા .... હા... આપણે જ કરવાનું ચાલો મંડી પડીએ સફાઈ કરવા.'

સૌ વિદ્યાર્થી એક સાથે કહે, 'ચાલો.... ચાલો સફાઈ કરીએ....'

ત્યાં તો શાળાના શિક્ષક આવ્યા. બાળકોના ખભે હાથ મૂકીને હસતાં હસતાં કહે, 'અરે, વાહ ! સફાઈ તો આપણે સાથે કરીશું... ચાલો.... ચાલો.... સૌ સાથે ચાલો...'

મેદાનમાં સાવરણા ફરવા માંડ્યા. કચરો ભેગો થવા લાગ્યો. શિક્ષક પણ સાથે કચરો ઉપાડે, સૌએ જોમથી કામ કર્યું. શાળાના ઓરડા ચોખ્ખા.... ઓસરી ચોખ્ખી !... મેદાન તો પહેલાં હતું તેવું.... ચોખ્ખું ચણાક ! શાળા તો પાછી સુંદર – સુંદર !

શિક્ષકે સૌને બેસાડીને કહ્યું, 'જુઓ, સાથે કામ કરવાથી શાળા સ્વચ્છ થાય... તો ગામ પણ સ્વચ્છ થાય ને ?' સૌ વિદ્યાર્થીઓએ કહ્યું, "હા.... હા..... કેમ ન થાય ! થાય જ ને !"

સૌએ સાવરણા અને તગારાં લીધાં હાથમાં. શિક્ષક આગળ ચાલે અને પાછળ વિદ્યાર્થીઓની કૂચકદમ !

ગામના લોકોને થયું કે આ તે શું ! આ ફોજ ક્યાં ચાલી ?

સૌ વિદ્યાર્થીઓ એકસાથે કામે લાગ્યા. કચરો જોયો નથી ને ભેગો કર્યો નથી ! ગામલોકોને થયું કે આ તો ભારે મહેનતુ છોકરાં કેવાં કામ કરે છે જો ને ! પણ, આપણે આમ ઊભા રહીએ તો.... તો શરમ આવે ! ચાલો.... ચાલો.... આપણે પણ....

... અને પછી તો આખું ગામ લાગ્યું કામે ! બધાં ઘર થઈ ગયાં સાફ. ઘરનાં ફળિયાં પણ સાફ... અને ગલીઓ તો પહેલાં હતી તેવી જ ચોખ્ખી ચણાક !

બધાના ચહેરા પર આનંદ... બધા ખુશખુશાલ..... શિક્ષક વિદ્યાર્થીની પીઠ થાબડે.... ગામલોકો શિક્ષકનાં વખાણ કરે.

થોડીવારે આકાશમાં વાદળાં ઘેરાયાં.... કડાકા.... ભડાકા સંભળાયા. ઠંડો પવન આવ્યો... અને આભમાંથી ઝરમર ઝરમર કરતો વરસાદ......

બાળકો હવે હાથમાં થોડા રહે ! સૌ નાચવા માંડ્યા. શિક્ષક બોલાવે તેમ વિદ્યાર્થીઓ પણ બોલે...

સઘળું ચોખ્ખું કરીએ આમ,
સાથે ભણીએ - ગણીએ આમ,
જગમાં ઉજળું કરવા નામ,
સાથે ચાલો કરીએ કામ...

રાજેશ મહેતા
(ધોળી કોયલ)